| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |

તા.૦૧/૦૧/૨૦૨૩ રવિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

### અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૦૧/૨૦૨૩

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૩૧/૧૨/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૯ | ૦ | ૧૪૯ | ૪૨૮ | ૦ | ૪૨૮ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| | કુલ | ૧૦૦૭૦૨ | ૦ | ૧૦૦૭૦૨ | ૧૦૯૬૦૬ | ૦ | ૧૦૯૬૦૬ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | 3 | ૨,૪૦,૮૦૦/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૦૨/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૪૬ કેસ કરી, ૨૪૫ વ્યક્તિઓને ઝડપી, ૩૩૫ લીટર દેશી દારૂ, ૨૦૮ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૬૪૦ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧ કાર અને ૩ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી, ૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૦૩/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૦૪/૨૦૨૩

**સોલા હાઈકોર્ટઃ** સહદેવસિંહ મનહરસિંહ ચૌહાણ (ઉ.વ.૩૦) (રહે. ગામ-ટીંબા તા.સતલાસણા જી.મહેસાણા) એ તા.૩૧/૧૨/૨૦૨૨ ના રોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે સહદેવસિંહ ચૌહાણ નાઓને કાર લેવાની હોઈ પિયુષભાઇ પટેલ નાઓનો સંપર્ક થતા તા.૧૪/૧૧/૨૦૨૨ ના રોજ આરોપી (૧) પિયુષભાઇ પટેલ (રહે. ગોતા અમદાવાદ) અને અન્ય એક પુરૂષે ભેગા મળી પિયુષભાઇ પટેલને ગોતા વસંતનગર ટાઉનશીપના વિર સાવરકર હાઇટસના બ્લોક નંબર-એલ ખાતે બોલાવી સહદેવસિહ ચૌહાણને વિશ્વાસમા લઇ મારૂતી કંપનીની સ્વીફ્ટ ગાડી બતાવી વેચાણ આપવાનુ જણાવી ગાડી બાના પેટે રૂપિયા ૧,૦૦,૦૦૦/- પિયુષભાઇના ખાતામાં મેળવી લઈ તેમજ પિયુષભાઇએ મોકલેલ અન્ય પુરૂષ બીજા રૂપિયા ૧,૦૦,૦૦૦/- લઈ જઈ ગાડી નહી આપાવી તેમજ લીધેલ પૈસા આજદીન સુધી પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.ડી.રવૈયા ચલાવે છે.

**વાડજઃ** કુમાર મોહનલાલ પરમાર (ઉ.વ.૩૨) (રહે. સર્વોદયનગર રેલ્વે સ્ટેશન પાસે પાલી રાજસ્થાન) એ તા.૩૧/૧૨/૨૦૨૨ ના રોજ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૯/૦૧/૨૦૨૨ થી તા.૨૮/૦૯/૨૨ સુધીના સમયગાળા દરમ્યાન સોનલબહેન શાહ (રહે. વાસુ પુજ્ય એપાર્ટમેન્ટ ગોરધનપાર્ક સામે શાંતિનગર સોસાયટીની બાજુમાં જુના વાડજ) એ કુમાર પરમારને ધંધા અર્થે વિદેશ મોકલવા વિશ્વાસ આપી કુમાર પરમાર પાસેથી કુલ રૂપિયા ૩,૨૧,૪૦૦/- મેળવી લઇ વિદેશ મોકલતા વિદેશથી તેઓને સ્વદેશ પરત કરતા આપેલ રૂપિયા પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી સી.એમ.રાઠોડ ચલાવે છે.

**વાહન ચોરીઃ-** **સમાચાર યાદી નં.૦૫/૨૦૨૩**

**નરોડાઃ** પ્રવિણભાઇ જામાભાઇ પરમાર (રહે. હરીઓમ દાલ બાટી પાછળ નાયરા પેટ્રોલ પંપની બાજુમાં નાના ચીલોડા) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૧/૧૨/૨૦૨૨ સવારના ૭/૦૦ થી ૮/૦૦ વાગ્યા દરમ્યાન મુઠીયા એસ.પી.રીંગરોડ રણાસણ ટોલ પ્લાઝા નજીક દર્શન હોટલ સામે મુદીતા એક્સપ્રેસ કાર્ગો પ્રા.લી.કંપનીની ઓફીસ આગળ પાર્ક કરેલ બોલેરો પીકઅપ ગાડી નંબર જીજે ૦૧ ડીઝેડ ૭૫૯૩ કિમત રૂપિયા ૨,૫૦,૦૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ હતી. ગાડીમા અલગ-અલગ પ્રકારના કપડા તથા સામાનના ભરેલ બોક્ષ કિમત રૂપિયા ૫,૬૪,૮૩૯/- મતા હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.જી.ચૌધરી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૦૬/૨૦૨૩**

**મેઘાણીનગરઃ** કામીનીબહેન વા/ઓ સુરજભાઇ તોમર (ઉ.વ.૨૦)(રહે. અનિલ વકિલની ચાલી પ્રેમનગર મેમ્કો) એ અગમ્ય કારણસર મેઘાણીનગર ભુરેખાનની ચાલી નંબર-૩ ભાર્ગવ રોડ ખાતે પિતાના ઘરે પિયરમાં તા.૩૧/૧૨/૨૦૨૨ કલાક ૬/૩૦ વાગ્યાના સુમારે છતના લાકડાની વળી સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મદદનીશ પોલીસ કમિશનર શ્રી “જી” ડીવીઝન ચલાવે છે.

**રામોલઃ** પુજા વા/ઓ મહેન્દ્રસિંહ ચૌહાણ (ઉ.વ.૩૪) (રહે. ઉમિયાનગર સોસાયટી તક્ષશિલા સ્કૂલ પાછળ વસ્ત્રાલ) એ અગમ્ય કારણસર તા.૩૦/૧૨/૨૦૨૨ રાતના ૧૦/૩૦ થી તા.૩૧/૧૨/૨૦૨૨ કલાક ૬/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે લોખંડના હુકમાં સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મદદનીશ પોલીસ કમિશનર શ્રી “આઈ” ડીવીઝન ચલાવે છે.

**વટવા જીઆઇડીસીઃ** રાહુલસિંઘ સ/ઓ રામસુરતસિંઘ રાજપુત (ઉ.વ.૨૬) (રહે. નવી વસાહત જશોદાનગર) એ અગમ્ય કારણસર તા.૩૧/૧૨/૨૦૨૨ કલાક ૮/૩૦ વાગ્યા પહેલા પોતાના રહેઠાણ ખાતે લોખંડની પાઇપ સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા જીઆઇડીસી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી નરપતદાન માધવદાન ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી